અપીલ અરજી નં.૪૦૦ તા.૧૮–૨–૧૦

અરજદાર:– શ્રી હસમુખલાલ એમ. મોદી
સામાવાળા:– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખલાલ એમ. મોદી ની તા.૧૦–૧૨–૦૯ નીઅરજીથી સુરત શહેર નાનપુરા ધોબીશેરીના લત્તામાં આવેલ વોર્ડ નં.૧ નોંધ નં.૧૦૯૫ તથા ૧૦૯૬ માં આવેલ રાધિકા ટેરેસ નામની બિલ્ડીંગ અંગે તા.૧૮–૪–૦૮ ના રોજ કમિશનરશ્રીને કરેલ અરજી અંગે શું નિર્ણય કરવામાં આવેલ તેની વિગતો સદરહુ મિલ્કત આશરે ૧૯૮૩ માં બંધાયેલ છે તેના પાસ થયેલા પ્લાન તથા રજાચીઠ્ઠીની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૦/૨૦૦૯–૧૦

શ્રી હસમુખલાલ એમ. મોદી ની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર નાનપુરા ધોબીશેરીના લત્તામાં આવેલ વોર્ડ નં .૧ નોંધ નં.૧૦૯૫ તથા ૧૦૯૬ માં આવેલ રાધિકા ટેરેસ નામની બિલ્ડીંગ અંગે તા.૧૮–૪–૦૮ ના રોજ કમિશનરશ્રીનેકરેલ અરજી અંગે શું નિર્ણય કરવામાં આવેલ તેની વિગતો સદરહુ મિલ્કત આશરે ૧૯૮૩ માં બંધાયેલ છે તેના પાસ થયેલા પ્લાન તથા રજાચીઠ્ઠીની સહી સિકકાવાળી નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.૧૪૫૨ થી આપેલ માહિતી ના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૧૩૪૯ તા.૨૩–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૮૨ તા.૧૧–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૫૧ તા.૧૬–૧૨–૦૯ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યાના પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં.ટીડીઓ/૪૯૩૪ તા.૮–૧–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૫૨ તા.૧૮–૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા દરીયામહેલ ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૫૧ તા.૧૬–૧૨–૦૯ ના રોજ ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ ખાતા તરફથી સદર અરજી પત્ર નં.ટીડીઓ/૪૯૩૪ તા.૮–૧–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આનં.૧૪૫૨ તા.૧૮–૧–૧૦ થી " વોર્ડ નં.૧ નોંધ નં.૧૦૯૫ , ૧૦૯૬ ના મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં મળી આવેલ નથી. જેથી તા.૧૮–૪–૦૮ ની અરજીના અનુસંધાને કોઈ કાર્યવાહી થયેલ નથી. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૮–૨–૧૦ ના રોજ ૧. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૧૮–૧–૧૦ ના રોજ જે હુકમ કરવામાં આવેલ છે તે કાયદા વિરુધ્ધનો તથા તપાસ વિરુધ્ધનો હકીકત વિરુધ્ધનો અને ગેરકાયદેસરનો હોય રદ થવાને પાત્ર છે. ૨. સદર મિલ્કત ઉપર મંજુર થયેલા બાંધકામના પ્લાનની સહી સિકકાવાળી નકલ માંગેલી જે ઓફિસ રેકર્ડ જોતાં મળી આવેલ નથી. તેવું જણાવે છે તે ખોટું છે અને તે અંગે મોટા માથાઓ સંડોવાય જાય નહીં તેથી તે ઈરાદાપૂર્વક દબાવી રાખી પ્લાનની સહી સિકકાવાળી નકલ આપવા માટે ખોટું બહાનું બતાવેલ છે. ૩. મજકુર મિલ્કતમાં પાર્કીગનું કોઈ સાધન નથી અને પાર્કીગ એરીયામાં ગેરકાયદેસર દુકાનો બનાવેલ છે. તે અંગે તા.૧ ૮–૪–૦૮ ના રોજ અરજી કરેલ જે અપીલ સાથે રજૂ કરેલ છે. અમારી અરજીનો અમલ નહી કરીને આરટીઆઈનો ભંગ કરેલ છે. જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટ હેઠળ પેનલ્ટી કરવાની જરૂર છે. મુદ્દા નં.૪ ખાતામાંથી મંજુર થતો પ્લાન મળી આવતો ન હોય તે અંગે શું શું પગલા લીધા તેની પણ કોઈ વિગતો જણાવલ નથી. આ રીતે મંજુર થયેલ પ્લાનો ગુમ કરી દેવાની એક ખોટી હકીકતથી સાચી હકીકત ઉપર પડદો ઢાંકી દેવાની ઈચ્છા દેખાય છે. મુદ્દા નં.૫. તા.૧૮–૪–૦૮ ની અરજી કોઈ રૂબરૂ સાંભળવામાં આવી નથી કે બોલાવવામાં આવેલ નથી. આ રીતે એક તરફી નિર્ણય તદ્દન ગેરકાયદેસરનો હોય રદ થવાને પાત્ર છે. તેવી રજૂઆત અરજદારે અપીલના કારણોમાં જણાવેલ છે. અરજદારે મુળ અરજીમાં તા.૧૮–૪–૦૮ ની અરજીમાં શું નિર્ણય લીધો તે બાબતે જાહેર માહિતી અધિકારીએ કોઈ કાર્યવાહી થયેલ નથી તેવું જણાવેલ છે તથા સદર મિલ્કતના પ્લાન તથા રજાચિઠ્ઠી બાબતે મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં મળી આવેલ નથી તેવું જણાવેલ છે. પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી વિકાસ પરવાનગીના રજીસ્ટરોની કાયમી ધોરણે જાળવણી રાખવાની રહે છે જયારે રજાચિઠ્ઠી અંગેની જાળવણીની સમય મર્યાદા ૧૦ વર્ષ સુધીની છે. તેવું જણાવેલ છે. સાથે એમ પણ જણાવેલ છે કે ૧૯૭૯ નું ફાટેલી હાલતમાં ઉપલબ્ધ બાંધકામ રજીસ્ટર ચેક કરતાં પ્રશ્ન હેઠળની મિલ્કતના પ્લાન મંજુરીની વિગતો મળેલ નથી.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યાની જોગવાઈ હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રશ્નની ઉપલબ્ધી અંગે હકીકતલક્ષી માહિતી અરજદારને આપેલ છે જયારે અરજદારની તા.૧૯–૪–૦૮ ની અરજી અંગે કોઈ કાર્યવાહી નહીં કર્યાનું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે હકીકતલક્ષી માહિતી આપેલ છે. તેથી અપીલ અંગે વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો હુકમની તારીખથી દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળના બાંધકામ રજીસ્ટરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ ની જોગવાઈ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાને આધીન કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા તથા તેની જાણ અત્રે કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૪–૦૮ ની અરજી અંગે કાર્યવાહી નહીં થયાની બાબત તકરાર નિવારણ અને નિકાલને સ્પર્શતી છે તે બાબતે સક્ષમસત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખલાલ એમ. મોદી,